| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.30/03/૨૦૨૩   ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૫૪૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૫ કેસ કરી, ૪૮ વ્યક્તિઓને ઝડપી, ૭૨૪ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૫૨૮ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૬૮ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૩,૬૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૫૪૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ   સમાચાર યાદી નં.૫૪૨/૨૦૨૩

**નારોલઃ** નિલભાઇ જયેશભાઇ પટેલ (ઉ.વ.૩૧)(રહે.કર્ણાવતી-૦૧ નક્ષત્ર હાઇટ્સની સામે નારોલ) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/03/૨૦૨૩ ના કલાક ૦૦/૦૦ થી સવારના ૮/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, લોખંડના ઘોડામાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૬,૦૦૦/- તેમજ અગત્યના દસ્તાવેજો મળી કુલ રૂપિયા ૧,૩૬,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે.આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જી.બ્રીદ ચલાવે છે.

## સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ   સમાચાર યાદી નં.૫૪૩/૨૦૨૩

**ચાંદખેડાઃ** પાર્થભાઇ નરેન્દ્રકુમાર શાહ (ઉ.વ.૨૯)(રહે.નિર્મલકલા એપાર્ટમેન્ટ સંગાથ-૪ સામે મોટેરા સ્ટેડિયમ રોડ, મોટેરા-ચાંદખેડા) એ તા.૨૯/03/૨૦૨૩ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/03/૨૦૨૩ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે ચાંદખેડા સ્ટેડિયમ રોડ શિવાલય ફ્લેટની ગલીમા એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) એ ભેગામળી પાર્થભાઇના ગળામાં પહેરેલ સોનાની ચેઈન કિંમત રૂપિયા ૩૦,૦૦૦/-ખેંચી તોડી લઇ નાસી ગયા હતા.આ ગુનાની તપાસ પોસઇ.શ્રી પી.પી.પટેલ ચલાવે છે.

**ચોરીઃ** **સમાચાર યાદી નં.૫૪૪/૨૦૨૩**

**નરોડાઃ** બાદલભાઇ રાજેશભાઇ વણઝારા (ઉ.વ.૨૧)(રહે.જ્યોતિ રેસિડેન્સી એસ.આર.પી. કેમ્પની બાજુમાં નરોડા પાટીયા નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/03/૨૦૨૩ બપોરના ૩/00 વાગ્યાના સુમારે નરોડા રીંગરોડ દાસ્તાન સર્કલથી લક્ષ્મી સ્કાય સિટી વચ્ચે રીંગરોડના સર્વિસ રોડ ઉપર બાદલભાઇ કંપનીની હોન્ડા સીટી કાર ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ અજાણ્યા પુરૂષે બાદલભાઇની કાર ઉભી રખાવી, કારના દરવાજાની ખુલ્લી બારીમાંથી હાથ નાંખી, રોકડ રૂપિયા ૪,00,000/- તથા ચેકબુક મુકેલ બેગ બાદલભાઇના હાથમાંથી આંચકી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ કે.જી.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૫૪૫/૨૦૨૩**

**સરખેજઃ** અક્ષયભાઇ દિનેશભાઇ ચૌધરી (ઉ.વ.૩૦)(રહે.વિભાગ-૪, શીવાલય એપાર્ટમેન્ટ, વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૨૯/03/૨૦૨૩ ના કલાક ૧૦/૩૫ વાગ્યા પહેલા સરખેજ ફતેવાડી લોખંડવાલા પાર્ટી પ્લોટ પાસે, ટોરેન્ટ પાવર સબ સ્ટેશનના પહેલા માળે પોતાની જાતે લોખંડની પાઇપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

**વટવા જીઆઇડીસીઃ** વટવા જીઆઈડીસી ફેજ-0૪ પ્લોટ નંબર-૩૩૨૦ “સોલાર પ્રોડક્ટ્સ” ખાતે રહેતા અને ત્યાંજ કામ કરતા વિજયકુમાર જાનસિંહ વરકડે (ઉ.વ.૨૨)(રહે.મુળ વતનઃ ગામઃ- મોહની બીછીયા, ડિંડોરી મધ્યપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૨૯/03/૨૦૨૩ ના કલાક ૩/00 વાગ્યા પહેલા કોઇપણ સમયે કંપનીના ત્રીજા માળેથી નિચે પડી જતા શરીરે ગંભીર ઇજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વટવા જીઆઇડીસી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી